**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં બીએસએનએલની લાલીયાવાડી



## શહેરમાં હજુ ઘણા લેન્ડલાઈન ફોન છે પરંતુ તેનુ રીપેરીંગ કામ થતુ ન હોવાથી ઘણા ફોન બંધ થઈ ગયા છે : ફરીયાદ સોલ્વ થતી નથી

ગાંધીનગર, તા. ૨૬

લેન્ડલાઈન ફોનની સર્વિસ પૂરી પાડતી બીએસએનએલ કંપની બંધ થવાના આરે છે. શહેરમાં હજુ ઘણા સ્થળોએ બીએસએનએલ લેન્ડલાઈન ફોન છે પરંતુ તેની ફરીયાદ બાબતે કોઈ નિરાકરણ ન આવતા આ ફોન ડબલાં જેવા બની ગયા છે.

હાલમાં સ્માર્ટફોનનો જમાનો છે. જ્યાં જવુ હોય ત્યાં ફોન સાથે જ હોય વળી ફોન પર વાત કરવાની સાથે મેસેજીંગ અને ઈન્ટરનેટ સર્ફીંગની સુવિધા ફોનમાં ઉપલબ્ધ હોવાથી સ્માર્ટ ફોનનું ચલણ સાવ સામાન્ય બની ગયુ છે. જો કે એક સમય બીએસએનએલની લેન્ડલાઈન ફોનનો હતો. મોટાભાગના ઘરોમાં, ઓફિસોમાં અને કંપનીઓમાં બીએસએનએલના લેન્ડલાઈન ફોન જ હતા પરંતુ જેમ જેમ મોબાઈલ ફોનનું ચલણ વધતુ ગયુ તેમ તેમ લેન્ડલાઈન ફોનની સંખ્યા ઘટતી ગઈ. જો કે હજુ ઘણા ઘરોમાં અને ઓફિસોમાં લેન્ડલાઈન ફોન છે જ. પરંતુ તે જાણે શોભાના ગાંઠિયા બની ગયા હોય તેવા જોવા મળી રહ્યાં છે.

છેલ્લા કેટલાય સમયથી બીએસએનએલ કંપનીની લાલીયાવાડી વધી ગઈ છે. કંપની જાણે બંધ કરી દેવાની હોય તેવુ વર્તન કર્મચારીઓ કરી રહ્યા છે. લેન્ડલાઈન ફોન બાબતે જો કોઈ કમ્પલેઈન કરવામાં આવે તો તેનો નિવેડો આવતો નથી. ફરીયાદ સાંભળનાર જ કોઈ ન હોવાથી લેન્ડલાઈન ફોન સાવ ડબલા જ બની ગયા છે. લેન્ડલાઈન ફોન સાવ બંધ થઈ જતા અને તેનુ રીપેરીંગ કામ થતુ ન હોવાથી ઘણાએ આ ફોનને જમા કરાવી દીધા છે અથવા તેવુ વિચારી રહ્યા છે.

## શિવશક્તિ સેવા ટ્રસ્ટની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર ૩-ન્યુ શિવશક્તિ મંદિરે શિવશક્તિ સેવા ટ્રસ્ટની ટ્રસ્ટી મંડળ અને કારોબારી મિટિંગ ટ્રસ્ટના પ્રમુખ ડી. કે. વૈષ્ણવના અધ્યક્ષપદે યોજાઈ હતી. જેમાં કોરોના બાદ ઘણા સમયે મંદિર દર્શન સરકારી ગાઈડ લાઈન મુજબ શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં મનુભાઈ પટેલ,(ઉપપ્રમુખ) બાબુભાઈ પ્રજાપતિ (મંત્રી), પ્રવિણસિંહ રાણા, વિઠ્ઠલભાઈ પટેલ, વિષ્ણુભાઈ વૈષ્ણવ, ભરતભાઈ પટેલ, અનિલભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

## ગોકુળપુરામાં રખડતા ઢોરથી વાહનચાલકોને અકસ્માતનો ભય



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના જીઆઈડીસી ક-૫ સર્કલથી ન્યુ વાવોલ તરફ આવતા જતા માર્ગો પર અચાનક દોડી આવતા રખડતા પશુઓએના કારણે ઘણી વખત અકસ્માત થાય છે. ગોકુળપુરાની સામે જ સેવન સ્ટાર લીલા હોટલ નિર્માણ પામી છે તથા મહાત્મા ગાંધી મંદિરથી વાવોલ તરફ જતો અંડરપાસ બન્યો છે તેથી આ માર્ગ પર વાહનોની અવરજવર વધી ગઈ છે. વાહનચાલકોને આ માર્ગ પર રખડતા પશુઓના કારણે અકસ્માત થવાનો ભય રહે છે. ગોકુળપુરાના પશુધારકોએ આમ રસ્તા પર પશુઓને રખડતા ન મુકતાં બાંધી રાખવા કાં તો રસ્તા પર ન આવી જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આ માર્ગ પર રખડતા પશુઓનો કારણે અકસ્માતનો ભય ઓછો થાય તેવી રાહદારીઓની માંગ છે.

## બજાજ કંપનીના કાર્ડમાં રજીસ્ટર નંબર ચાર વર્ષથી બંધ ભેજાબાજ ઠગે રૂ.૬૯ હજારની ઓનલાઈન ખરીદી કરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ચેતક કમાન્ડો તરીકે ફરજ બજાવતા જવાનનો મોબાઈલ નંબર છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. બજાજ ફાઈનાન્સ કંપનીના ઈએમઆઈ નેટવર્ક કાર્ડમાં રજીસ્ટર નંબર વર્ષોથી બંધ હતો. તેમ છતા ભેજાબાજ ઠગે તે જ નંબર વડે રૂ.૬૯ હજારની ઓનલાઈન ખરીદી કરી લેતા કમાન્ડો પણ અચરજ પામી ગયો હતો. બનાવ અંગે કમાન્ડોએ સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૩૦ ખાતે રહેતા સુજીત જાની છેલ્લા બે વર્ષથી પોતાના પરીવાર સાથે રહે છે અને ચેતક કમાન્ડો યુનિટ-૨ માં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. કમાન્ડોની પત્નીના નામે એક બજાજ ફાયનાન્સ કંપનીનું એક ઈએમઈ નેટવર્ક કાર્ડ હતું. આ કાર્ડ વર્ષ ૨૦૧૬ સુધી માન્ય હતું. આ બજાજના કાર્ડ સાથે સુજીત જાનીએ પોતાનું એકિસસ બેંકના સેલેરી એકાઉન્ટ સાથે જોઈન્ટ કરાવ્યું હતું. જયારે આ કાર્ડ સાથે તેમના પત્નીનો મોબાઈલ નંબર રજીસ્ટર કરાયો હતો. આ કાર્ડ થકી ઓનલાઈન જીવન જરુરીયાતની વસ્તુની ખરીદી કરતા હતા. વર્ષ ૨૦૧૮માં બજાજ કાર્ડમાં રજીસ્ટર થયેલ નંબર બંધ થઈ ગયો હતો. પરંતુ સુજીતે બજાજ ફાઈનાન્સ માં નવો મોબાઈલ નંબર અપડેટ કરાવ્યો ન હતો. ત્યારે ગત તા.૨ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ કમાન્ડો ફરજ પર હાજર હતા તે સમયે તેમની બેંકમાંથી મેસેજ આવ્યો હતો કે તેમના એકાઉન્ટમાંથી રૂ.૬૮,૯૯૭ ડેબીટ થઈ જતા તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જેથી બેંકમાં જઈ તપાસ કરતા તા.૮ મી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ૫૪,૯૯૯ અને તા.૧૧ ડિસેમ્બરના રોજ ૧૩,૯૯૮ મળી કુલ રૂ.૬૮,૯૯૭ ની ગઠીયાએ ઓનલાઈન ખરીદી કરી હતી. જયારે બેંક દ્વારા મેસેજ છેક ૨ જી જાન્યુઆરીના રોજ મોકલવામાં આવ્યો હતો. છેલ્લા ચાર વર્ષ થી મોબાઈલ નંબર બંધ હોવા છતા ઠગે ઓનલાઈન ખરીદી કરતા કમાન્ડોએ સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કુડાસણમાં વંદન બંગ્લોઝમાંથી ૪૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર કુડાસણ વિસ્તારના વંદન બંગ્લોઝમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કુડાસણ નંદન બંગ્લોઝમાં મકાન નં.૧ ખાતે રહેતા ભીયારામ દેવારામ ચૌધરી એ પોતાના બંગ્લોઝમાં દારૂ છુપાવી રાખ્યો છે.જેને પગલે પોલીસ તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર પહોંચી ગયા હતા. પોલીસે બંગ્લોઝના સિકયુરીટી ગાર્ડને સાથે રાખીને મકાન નં.૧ પાસે ગયા હતા પરંતુ બંગ્લોઝ બંધ હોવાથી પોલીસ શું કરવુ તેના માટે મથામણ કરી રહી હતી. પરંતુ બાતમી ચોકકસ હોવાથી પોલીસ અંદર જઈને તપાસ કરવા માટે તત્પર હતી. જેને પગલે પોલીસે બંગ્લોઝની ચોતરફ તપાસ શરુ કરી હતી. તે સમયે બંગલાની બારી પાસે અચાનક સંતાડીને રાખેલી ચાવી પોલીસને મળી આવી હતી.ત્યારે કોઈના બંધ ઘરમાં અચાનક અંદર ન જવાય તે માટે પોલીસે પંચોને બોલાવીને સિક્યુરીટી ગાર્ડ સાથે રાખીને બંગ્લોઝનું લોક ખોલીને પ્રવેશ કર્યો હતો. મકાનની અંદર મુખ્ય રૂમ પાસે આવેલા સ્ટોર રૂમ માં પ્લાસ્ટીકનો કોથળો મળી આવ્યો હતો. જેની તપાસ કરતા તેમાંતી વિદેશી દારુની નાની મોટી મળી કુલ ૪૫ બોટલ કિં. રૂ.૬૮૧૦ ની કબ્જે કરી હતી. પોલીસે બુટલેગર ભીયારામ દેવારામ ચૌધરી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સે-૧૭ મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ડિસેમ્બરથી દિવ્યાંગો માટે અલાયદો વિભાગ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

મધ્યસ્થ ગ્રંથાલય સેક્ટર-૧૭ ખાતે દિવ્યાંગો માટે અલાયદો વિભાગ ડિસેમ્બર સુધીમાં શરૂ કરાશે. દૃષ્ટિહીનો માટે ટેકનોલોજીની મદદથી બ્રેઈનલીપિવાળા કોમ્પ્યુટર્સ મુકાશે. આ ઉપરાંત વિકલાંગો માટે લિફ્ટની વિશિષ્ટ સુવિધા ઉભી કરાશે. દિવ્યાંગોને સતત પ્રોત્સાહન મળે એવા પુસ્તકો અને સામાયિકો ઉપલબ્ધ કરાવાશે.

સેક્ટર-૧૭ સ્થિત મધ્યસ્થ ગ્રંથાલય ભવનના વડા એન.બી. પંડ્યાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૧૯૮૨ થી કાર્યરત ગ્રંથાલય ભવનનું અત્યારે રિનોવેશન ચાલી રહ્યું છે. આગામી છ મહિનામાં નવા રૂપરંગ અને વ્યવસ્થા સાથે ગ્રંથાલયનું આધુનિકરણ થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યુ હતુ કે એક લાખથી વધુ વૈવિધ્યતાસભર પુસ્તકો વાચકો માટે ગોઠવાઈ રહ્યા છે. ત્યારે દિવ્યાંગો માટેની અલાયદી વ્યવસ્થા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ખૂબ જ ઉપયોગી બનશે. અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સાથે મત્તમ સુવિધાઓ આપવા સરકાર પ્રતિબદ્ધ છે. રિનોવેશન બાદ વાંચવા માટેના અલગ સુવિધાસભર ખંડો તથા વોટર કૂલરની વ્યવસ્થા પણ ગોઠવાઈ જશે.

## ગાંધીનગર લાયન્સ ક્લબ દ્વારા ફૂડ ફોર હંગર કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૬

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા ફૂડ ફોર હંગર કાર્યક્રમ યોજાયો હતો. લાયન અજય પટેલના પિતાશ્રી ચંદુભાઈ ડી. પટેલના સ્મરણાર્થે ફૂડ ફોર હંગર અંતર્ગત ૩૫૦ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ખીચડી અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખજાનચી લાયન મૌલિક ચૌધરી, લાયન મોહનભાઈ પરમાર, ધર્મિષ્ઠાબેન પટેલ, કીર્તિબેન પટેલ, લાયન નટુભાઈ સોલંકી, લાયન ઉપેન્દ્રભાઈ સોલંકી, લાયન ધવલ દવે ઉપસ્થિત રહ્યાં હતા તેવું મીડિયા કન્વીનર સંકેત ગોરે જણાવ્યું છે.

## નિસર્ગ દ્વારા "વર્ચુઅલ વિજ્ઞાન સફર કાર્યક્રમનું" આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા, વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે અને તેમનામાં વિજ્ઞાન પ્રત્યે વધુમાં વધુ રસ અને રૂચી કેળવાય તેવા હેતુથી અવનવા વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે અને તેમનામાં વૈજ્ઞાનિક સમજ વિકસે છે.

દર વર્ષે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે વિજ્ઞાન સફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કોવીડ-૧૯ ની પરિસ્થિતિને કારણે વર્ચુઅલ વિજ્ઞાન સફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો હેતુ એ છે કે જે વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રમાં આવી શકતા નથી એટલેકે જીલ્લાથી દુર આવેલા તાલુકાના વિદ્યાર્થીઓને પણ વર્ચુઅલ રીતે વિજ્ઞાન કેન્દ્રની પ્રવુતિઓ લાભ મળી શકે.

ગાંધીનગર જીલ્લાની જે શાળાઓને પોતાની શાળાના વિદ્યાર્થીઓ માટે વર્ચુઅલ વિજ્ઞાન સફર કાર્યક્રમનું આયોજન કરવું હોય તેમને નિસર્ગ સાયંસ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, ૯૪૨૬૪ ૫૧૧૦૨, શિવાંગ પટેલ, ૯૦૯૯૩ ૮૨૯૩૬, ધવલ પટેલ ૭૮૭૮૫ ૫૨૨૯૫ પર સંપર્ક કરવા વિનંતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર રમણજી આતાજી, ઉ.વ. ૫૫, પેથાપુર
- સ્વ. ઠાકોર ભીખાજી છગુજી, ઉ.વ. ૬૧, શિહોલીમોટી
- સ્વ. પરમાર સતીષ જેઠાલાલ, ઉ.વ. ૭૫, સેકટર-૩
- સ્વ. દરબાર હિરસિંહ દિપસિંહ, ઉ.વ. ૭૫, સેકટર-૧૩

## જન્મદિને વધામણી



ગોવિંદભાઈ આહિર
મો. ૯૮૭૯૪ ૪૩૭૬૫



વિરપાલસિંહ વનરાજસિંહ રાણા
મો. ૮૯૮૦૭ ૫૧૫૩૦



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩



મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭



વેન્શી રાકેશભાઈ પારેખ
મો. ૯૦૯૯૨ ૮૨૫૫૬



અર્શ આસીફ શેખ
મો. ૭૩૫૯૩ ૮૩૬૫૪

# આર્ષ વ્યાખ્યાન : વ્યાવહારિક પ્રવૃતિ અને અધ્યાત્મ સાધના

ગાંધીનગર, તા. ૨૬

'આર્ષ' શોધસંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ.પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૪ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર-વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત ચિંતન-તત્ત્વજ્ઞાન અંગે 'વ્યાવહારિક પ્રવૃત્તિ અને અધ્યાત્મ સાધના' વિષય પર ૯૬માં પ્રવચનનું આયોજન ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન લાઈવ તા. ૨૬-૬-૨૦૨૧ ના રોજ સાંજે ૫ થી ૭ સમય દરમ્યાન થયું હતું. આ પ્રસંગે સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રાચાર્ય તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યક્ષ, વિદ્વાન પૂ. આત્મતૃપ્તદાસ સ્વામીના વકતવ્યનો તેમજ સદગુરુવર્ય પૂ. વિવેકસાગરદાસ સ્વામીના આશીર્વચનનો લાભ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. ઓનલાઈન પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા.

પૂ. આત્મતૃપ્તદાસ સ્વામીએ પ્રવચનની શરૂઆતમાં જણાવ્યું કે મનુષ્યદેહની સફળતા ક્યારે મળે ? તો જ્યારે પરમ શાંતિ, પરમ સુખ અને પરમ આનંદને પ્રાપ્ત કરીએ ત્યારે. ભગવાનની ભક્તિ આપણને ભગવાનની પરમ સમીપે લઈ જાય છે તેથી અગત્યની વસ્તુ છે ભગવાનની પરાભક્તિ, જેને આપણે આધ્યાત્મિક સાધના કહીએ. જે આપણા જીવનનું મુખ્ય કાર્ય છે.

તેમણે આગળ વાત કરી કે જ્યારે આધ્યાત્મિક સાધનાનો વિચાર કરીએ ત્યારે મનની શાંતિ, સ્થિરતા અને ઓછામાં ઓછા વિક્ષેપો આવે તેવા વાતાવરણની જરૂર પડે. કારણ કે આપણે અંતરના ઊંડાણમાં જવાનું છે, એકાગ્ર થવાનું છે. એના માટે સમય જોઈએ. અને આ બધુ આપણે કરવું હોય તો આપણને વ્યવહારની જવાબદારીઓ વિઘ્નરૂપ થાય છે. તેને લીધે આપણે સમય આપી શકતા નથી.





તેથી એક મત એવો પણ પ્રવર્તમાન છે કે આધ્યાત્મિક સાધના સાચી રીતે અને સારી રીતે કરવી હોય તો બધી જ વ્યવહારની ઝંઝટ મૂકી દેવી પડે, એકાંતમાં જતું રહેવું પડે, ત્યાગી થઈ જવું પડે. ભારતવર્ષમાં એવા સાધકો પણ થયા છે. પરંતુ જ્યારે આપણે આ રીતે આપણાં શાસ્ત્રોમાં ભગવાન અને અનુભવીઓનાં વચનો સામે જોઈએ ત્યારે કંઈક જુદું જાણવા મળે છે.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને યોગનો ઉપદેશ આપે છે. યોગ એટલે ભગવાન સાથેનું જોડાણ. 'તસ્માત્ યોગી ભવ અર્જુન.' હે અર્જુન તારે યોગી થવાનું છે. શ્રીકૃષ્ણ અર્જુનને યોગી બનાવવા માગે છે પરંતુ કેવો યોગી ? જેના હાથમાં ગાંડીવ હોય, જે રણસંગ્રામમાં ઉભો હોય, એ 'મામ્ અનુસ્મર યુદ્ધ્ય ચ' (મારું સ્મરણ કર અને યુદ્ધ કર) એવી રીતે પ્રવૃત્તિ કરતો હોય એવો યોગી બનાવવા માગે છે.

સેન્ટ ફ્રાન્સિસ નામના લેખકે કહ્યું છે કે આપણે રોજ અડધો કલાક પ્રાર્થના કરવી જોઈએ સિવાય કે આપણે બહુ વ્યસ્ત ન હોઈએ તો ? જો આપણે બહુ વ્યસ્ત હોઈએ તો એક કલાક પ્રાર્થના કરવી જોઈએ. જો તમે વધારે બીઝી છો તો તમારે વધુ પ્રાર્થનાની જરૂર છે.

ત્યાર પછી આધ્યાત્મિક સાધના રોજ કેવી રીતે કરવી ? એ વિષે વાત કરતાં કહ્યું કે ભગવાન સ્વામિનારાયણે સુંદર પદ્ધતિઓ આપી છે. તેના માટે આહ્નિક શબ્દનો પ્રયોગ કર્યો છે. આહ્નિક એટલે રોજ કરવાની વસ્તુ. આપણાં નિત્યક્રમની અંદર અમુક સમયે ફક્ત નિત્ય સાધના કરવી જ. જેમ કે આપણી નિત્યપૂજા. નિત્યપૂજા પછી જ અન્ન કે વ્યવહારિક કામ કરવું. સવાર સાંજની આરતી, પરિવારના બધા સભ્યો મળી અઠવાડીયામાં બે વાર ઘરસભા કરવી, શાસ્ત્રોનું નિત્ય વાંચન વગેરે. આ સાધના આપણા અંદરનું કલેવર ઘડે છે. એમાં સાતત્ય-નિત્યતા અને ગુણવત્તા બંને જરૂરી છે. જો યંત્રવત્ થાય તેમ છતાં કરતાં રહેવું. ધીરે ધીરે આત્મામાં પ્રકાશ થશે, પૂર્ણતા તરફ લઈ જશે, શાંતિ થશે અને ગુણવત્તા આવશે.

પૂ. વિવેકસાગર સ્વામીએ અધ્યક્ષીય પ્રવચનમાં વાત કરી કે, પ્રવૃત્તિ માત્ર અશાંતિકારક છે અને નિવૃત્તિમાં પણ શાંતિ ક્યાં છે ? ત્યાગી હોય કે ગૃહસ્થ હોય તેને પ્રવૃત્તિનો ફેર ચડ્યા વિના રહેતો જ નથી. પરંતુ જો પ્રવૃત્તિ ભગવાનને સંભારીને કરીએ તો કોઈ બંધન રહેતું નથી. પછી પ્રવૃત્તિ પોતે ભક્તિરૂપ થઈને મોક્ષના માર્ગે સાધન બની જાય છે. તેથી ભજન કરતાં કરતાં ક્રિયા કરવી તેને ક્રિયાયોગ કહેવાય. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. ગુલઝારીલાલ નંદાની વાત કરતાં કહ્યું કે તેઓ અનેક પ્રવૃત્તિઓની વચ્ચે પણ નિત્યપૂજા અને શાસ્ત્રોનું આહ્નિક-વાંચન કરતા. અહંભાવ મનમાં લાવવો નહીં. દરરોજ સવારમાં એવો વિચાર કરવો કે આપણે શુ કરવા આવ્યા હતા અને શું થાય છે? સાથે સાથે ઘરસભા દ્વારા દરેક પ્રવૃત્તિના ફેર ઉતરી જાય છે તેવી વાત કરી. પ્રમુખસ્વામી મહારાજ પછી વર્તમાનકાળે મહંતસ્વામી મહારાજ સંસ્થાના વડા હોવાને નાતે અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં એકદમ નિર્લેપ રહે છે. અને આપણને પણ પ્રેરણા આપે છે. અંતમાં પ્રવૃત્તિની અંદર પણ નિવૃત્તિ પરાયણ રહી શકીએ એજ આજનો મર્મ છે એવી વાત કરી હતી.

પ્રવચનના અંતમાં આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાની પ્રણાલી મુજબ આગામી ૯૭ માં શાસ્ત્ર વિષયક પ્રવચન 'નિષ્કુળાનંદ વિરચિત-ભક્તચિંતામણી'ની રૂપરેખા પૂ. જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ આપી હતી અને છેલ્લે પૂ. હરિતિલકદાસ સ્વામીએ શાબ્દિક આભાર વિધિ કરી હતી.